**બોટાદનાં મહેરબાન એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–બોટાદ.**

---

**ક્રો.પ.અ.નં. ૧૬૮/૨૦૨૬**
**બોટાદ ટાઉન પો. સ્ટે. ગુ.ર. નં.૧૧૧૯૦૦૦૨૨૫૦૦૪૯/૨૦૨૫**

અરજદાર:– અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ ધોળકીયા
ઉ.વ. ૪૨, ધંધો–મજુરી
રહે. શુભમ કોમ્પલેક્ષ, બોટાદ, તા.જી. બોટાદ

વિરુધ્ધ:–

સામાવાળા:– શ્રી સરકાર

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૯૭ હેઠળ મુદામાલ પરત મેળવવાની અરજ હેઠળ હુકમ...**

અરજદાર તરફે વિ.વકિલશ્રી એમ.એમ.શેખ
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી.

(૧) અરજી વંચાણે લીધી. અરજી અનુસંધાને રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૨) આ કામે અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. તેઓ તેમની દલીલમા જણાવે છે કે, સદર કામે પોલીસે કબજે કરેલ મુદામાલ રોકડ રકમ બોટાદ ટાઉન પો. સ્ટે. ગુ.ર. નં.૧૧૧૯૦૦૦૨૨૫૦૦૪૯/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ – ૩૧૬(૨), ૩૧૮(૪) વિગેરે મુજબનાં ગુનાનાં કામે તપાસ કરનાર અધિકારીશ્રીનાઓએ એ કબજે કરેલ છે. સદર કામે અરજદાર ધ્વારા અત્રેની કોર્ટમાં દસ્તાવેજી પુરાવા લીસ્ટથી મેઘાબેન રાજુભાઈ સોલંકીની નો કલેઈમ પુરસીસ સાથે અરજદારના આધારકાર્ડની નકલ તથા ગુના સબંધિત એફ.આઈ.આર.ની નકલ રજુ કરેલ છે.

હાલના કામે અરજદારની અરજીની હકીકત, પક્ષકારોની રજુઆત અને રજુ થયેલ

દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. આ કામે અરજદાર તરફે રજુ થયેલ મુદ્દામાલ રોકડ રકમ ધ્યાને લેતા સદર મુદ્દામાલ રોકડ રકમ અરજદારની માલિકીનું હોવાનું જણાઈ આવે છે તથા  દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા અરજદાર સદરહુ મુદામાલના માલીક હોવાનુ  હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે. હાલના કામે આ તમામ પાસાઓનો અભ્યાસ કરતા, વળી સદરહુ મુદામાલ અંગેના અરજદાર સીવાય અન્ય કોઈ દાવેદાર ઉપસ્થિત થયેલ નથી, ત્યારે વિના કારણે અરજદારને તેનાં મુદામાલ થી વંચીત રાખવા જણાતુ નથી.

વધુમાં, કબજે કરેલ મુદામાલ ની અન્ય કોઈ ધ્વારા માંગણી કરેલ નથી તેમજ આ કામે મુદામાલ ચલણી નોટો હોય ત્યારે તે અંગેની કોઈ હકીકત એટલે કે કેટલા દરની નોટો છે તેમજ તેનો સીરીયલ નંબર શુ છે તેવી કોઈ હકીકત અરજીમાં જણાવેલ નથી પરંતુ નામદાર ઉચ્ચ અદાલતના સુરેશ સર્વેવી વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરાલા સી.એમ.સી.નં .૬૫૫૪/૨૦૧૯ તા.૧૯/૫/૨૦ (કેરાલા હાઈકોર્ટના) ચુકાદામાં ઠરાવેલ છે કે જયારે જવેલરી કે પૈસા અંગે પરત લેવા માટે મુદામાલની અરજી કરવામાં આવે ત્યારે તે અંગેનો અલગથી ભેદ પાડી શકાય નહી જયારે કે પૈસા કે જરૂરીયાતની વસ્તુ છે અને આ કામે **<u>નામ.સર્વોચ્ચ અદાલતે  ૨૦૦૩ (૧) જી.એલ.એચ.પાના નં.૩૦૭ સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ રાજયના કેસમા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો તથા નામ. ગુજરાત હાઈકોર્ટે સ્પેશ્યલ ફોજદારી અરજી  નં.૯૨૦/૦૬ માં નિલેશ ગંભીરસિંહ વિ.સ્ટેટ ઓફ ગુજરાત</u>** ના કેસમાં એવું ઠરાવેલ છે કે, મુદામાલનો શકય તેટલો ઝડપથી યોગ્ય નીકાલ કરવો જોઈએ અને તેના યોગ્ય માલીકને પરત કરવો જોઈએ જેથી હાલના તબકકે મુદામાલ યોગ્ય શરતોને આધીન અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને પરત સોંપવુ વ્યાજબી અને ન્યાયોચીત જણાતુ હોય,  યોગ્ય શરતોને આધિન યોગ્ય રકમના જામીન અને જાત મુચરકા રજુ કર્યેથી અરજદારને મુદ્દામાલ પરત સોંપવા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //- હુકમ -//

૧) અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨) મુદામાલ રોકડ રકમ ૩૦,૦૦૦/- રુપીયા છે જે બોટાદ ટાઉન પો. સ્ટે. ગુ.ર. નં .૧૧૧૯૦૦૦૨૨૫૦૦૪૯/૨૦૨૫, બોટાદ ટાઉન પો. સ્ટે. ગુ.ર. નં .૧૧૧૯૦૦૦૨૨૫૦૦૪૯/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ - ૩૧૬(૨),૩૧૮(૪) વિગેરે ના કામે પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ છે તે મુદ્દામાલ આ કામના અરજદાર અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ ધોળકીયા, ઉ.વ. ૪૨, ધંધો-મજુરી, રહે. શુભમ કોમ્પલેક્ષ, બોટાદ, તા.જી. બોટાદનાઓને નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી માટે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ કામે અરજદારની રોકડ રકમ રૂ.૩૦ હજાર પરત આપતી વખતે સંબંધીત સત્તાવાળાઓએ ઉપરોકત ૩૦ હજારની નોટોમાં કેટલી નોટો ૨૦૦૦,૫૦૦ ,૨૦૦ ,૧૦૦,૫૦ ના દરની છે તેમજ તેનો સીરીયલ વાઈઝ નંબર લખી અને આ અંગેનુ અરજદાર પાસેથી સોગંદનામુ કરાવી ઉપરોકત મુદામાલનો પંચોની હાજરીમાં વીડીયોગ્રાફી કરી ઉપરોકત મુદામાલ અંગેનુ સોગંદનામુ સીરીયલ નંબર અને નોટોના દર સાથે અત્રેની કોર્ટમાં મોકલી આપવુ.

(૨) અરજદારે પંચનામામાં દશાવેલ મુદામાલની દોઢી કીંમતના જામીન અને તેટલી જ રકમના બોન્ડ સબંધિત પોલીસ સ્ટેશનમાં રજુ કરવાના રહેશે.

- આ અર્થે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવી.

હુકમ આજરોજ તા. ૧૦ મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૪/૨૦૨૬
સ્થળ: બોટાદ

(બી.જી.સોલંકી)
એડીશનલ જયુડી.મેજી.ફ.ક,
બોટાદ
જી.જે.૦૦૯૭૬